ગુકેશની ભૂલથી અબ્દુસત્તોરોવે બીજી જીત મેળવી

પ્રાગ, તા. 02 (પીટીઆઈ) : વિશ્વ ચેમ્પિયન ડી ગુકેશ સારી સ્થિતિમાં હોવા છતાં પ્રાગ ઈન્ટરનેશનલ ચેસ ફેસ્ટિવલમાં નોદિરબેક અબ્દુસત્તોરોવ સામે હારી ગયો. ગુકેશ એક મહિના પહેલા ટાટા સ્ટીલ માસ્ટર્સમાં સારી સ્થિતિમાં હોવા છતાં અબ્દુસત્તોરોવ સામે હારી ગયો હતો. પરંતુ પાંચમા રાઉન્ડમાં એક સમયે, તે આરામદાયક જીત માટે તૈયાર દેખાતો હતો. કાળા મહોરાઓ સાથે રમતા, તે સારું રમ્યો પણ સમયના અભાવે તેને અંતે પોઈન્ટ ગુમાવવો પડ્યો. દરમિયાન, ડચ ગ્રાન્ડમાસ્ટર જોર્ડન વાન ફોરેસ્ટે પોતાનું પ્રભાવશાળી ફોર્મ ચાલુ રાખ્યું, પાંચ મેચમાં ચોથી જીત બાદ લાઈવ રેટિંગ્સમાં વિશ્વ રેન્કિંગમાં 11મા સ્થાને પહોંચી ગયા. તેણે પાંચમા રાઉન્ડમાં યુનાઈટેડ સ્ટેટ્સના હેન્સ મોક નિમેનને હરાવ્યો. ભારતના ડિફેન્ડિંગ ચેમ્પિયન અરવિંદ ચિદમ્બરમને પાંચ મેચમાં ત્રીજી હારનો સામનો કરવો પડ્યો, તે સ્પેનના ડેવિડ એન્ટોન ગુઈજારો સામે હાર્યો હતો.

યુરોપમાં પોડિયમ પર પહોંચનારી અતિકા મીર પ્રથમ ભારતીય

વેલેન્સિયા, તા. 02 (પીટીઆઈ) : ભારતીય રેસિંગ પ્રતિભા અતિકા મીરે 'ચેમ્પિયન્સ ઓફ ધ ફ્યુચર એકેડેમી (COFTA) કાર્ટિંગ સિરીઝ'ના યુરોપિયન તબક્કામાં પોડિયમ ફિનિશ મેળવીને ઈતિહાસ રચ્યો. અગિયાર વર્ષની અતિકા ઓકેએનજે (જુનિયર) કેટેગરીમાં ત્રીજા સ્થાને રહી. તે આ રેસમાં પોડિયમ પર સ્થાન મેળવનારી પ્રથમ ભારતીય રેસર છે. આ તેની કારકિર્દીની અત્યાર સુધીની સૌથી મોટી સિદ્ધિ છે. F1 એકેડેમી સપોર્ટ મેળવનાર પ્રથમ ભારતીય અતિકાએ ગ્રીડ પર નવમા સ્થાનેથી શરૂઆત કરી અને શરૂઆતની રેસમાં ત્રીજા સ્થાને અને બીજી રેસમાં બીજા સ્થાને રહી. તેણે પોતાનું પ્રભાવશાળી પ્રદર્શન ચાલુ રાખ્યું અને ત્રીજી અને અંતિમ રેસમાં બીજું સ્થાન મેળવ્યું પરંતુ પેનલ્ટીના કારણે તેને ત્રીજા સ્થાને સંતોષ માનવો પડ્યો.

બેલ્જિયન ડ્રેસેજ સ્પર્ધામાં અનુષ અગ્રવાલા અસરકારક રહ્યો

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઈ) : ભારતીય ઘોડેસવાર અનુષ અગ્રવાલાએ તેના અશ્વ ફ્લોરિયાના સાથે બેલ્જિયન ડ્રેસેજ ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને આગામી એશિયન ગેમ્સ માટે તેની ક્વોલિફિકેશન યાત્રા શરૂ કરી. શનિવારે પોતાના આઠ વર્ષના અશ્વ ફ્લોરિયાના સાથે 14મા ક્રમેથી શરૂઆત કરતા અગ્રવાલે 68.85 ટકાના શાનદાર સ્કોર સાથે આત્મવિશ્વાસપૂર્ણ પ્રદર્શન કરીને એકંદરે ચોથા સ્થાને રહ્યો. રવિવારે તે તેના 10 વર્ષના અશ્વ ફ્લાયન સાથે પાછો ફર્યો, જેણે પાંચમા ક્રમેથી શરૂઆત કરી, અને વધુ સારું પ્રદર્શન કર્યું, જેમાં તેણે 70.3 ટકાનો વ્યક્તિગત સ્કોર મેળવ્યો. 70 ટકાનો સ્કોર મેળવવો એ દબાણ હેઠળ સુસંગતતા અને સંયમ દર્શાવે છે. બેલ્જિયન ડ્રેસેજ સ્પર્ધા અગ્રવાલાના એશિયન ગેમ્સ ક્વોલિફિકેશન અભિયાનનો એક મહત્વપૂર્ણ ભાગ છે અને કોન્ટિનેન્ટલ મીટ પહેલા તેની પાસે બે વધુ ક્વોલિફિકેશન તકો બાકી છે.

ટી-20 વર્લ્ડકપમાં નિષ્ફળતા બદલ PCB પાકિસ્તાની ખેલાડીઓને દંડશે

સતત ચોથી વખત ICC ઇવેન્ટની સેમી સુધી પહોંચવામાં નિષ્ફળતા બદલ ખેલાડીઓને 50 લાખનો દંડ કરવાની વિચારણા

પીસીબીના સૂત્રોએ જો કે કહ્યું કે આ દંડ હજુ લાગુ કરાયો નથી પણ એ નિર્ણય હાલ વિચારણા હેઠળ તો છે જ

કરાચી, તા. 02 (પીટીઆઈ) : ટી-20 વર્લ્ડકપમાં પાકિસ્તાની ટીમના ખરાબ પ્રદર્શન બદલ તેમના દેશના ક્રિકેટ બોર્ડ દ્વારા ખેલાડીઓ પર નાણાકીય દંડ લગાવવાનો વિચાર કરાયો છે. કેટલાક અહેવાલોમાં કહેવાયું હતું કે આ ખરાબ પ્રદર્શન બદલ 50 લાખ પાકિસ્તાની રૂપિયા અર્થાત આશરે 16.3 લાખ રૂપિયાનો દંડ ફટકાર્યો છે.

વિશ્વસનીય સૂત્રોના જણાવ્યા અનુસાર, ખેલાડીઓના મહેનતાણામાં તાત્કાલિક કાપ મૂકવાના અહેવાલો સાચા નથી, પરંતુ ટી-20 વર્લ્ડકપના સુપર આઠ તબક્કામાંથી બહાર થયા બાદ કાર્યવાહી પર ચર્ચા ચાલી રહી છે. હજી સુધી અંતિમ નિર્ણય લેવામાં આવ્યો નથી, પરંતુ ખેલાડીઓ પર નાણાકીય દંડ લાદવાના વિકલ્પ પર વિચારણા ચાલી રહી છે એવું સૂત્રએ પીટીઆઈને જણાવ્યું. જોકે, તેમણે સંભવિત કાર્યવાહીનું સ્વરૂપ જાહેર કર્યું નથી. તેમણે કહ્યું કે ખેલાડીઓને આર્થિક સજા આપવી એ યોગ્ય પગલું હશે કે નહીં તે અંગે પણ ચર્ચા ચાલી રહી છે.

એક સ્પોર્ટસ વેબસાઈટે જો કે પોતાના અહેવાલમાં કહ્યું હતું કે આ દંડ શિસ્તભંગના કારણોસર નહીં, પરંતુ નબળા પ્રદર્શન માટે લાદવામાં આવ્યો હતો. ભારત સામેની ગ્રુપ સ્ટેજ મેચ પછી આ દંડ લાદવામાં આવ્યો હતો, જેમાં ટીમ 61 રનથી હારી ગઈ હતી. ત્યારબાદ તેમને કહેવામાં આવ્યું હતું કે જો ટીમ સેમી ફાઈનલમાં પહોંચશે તો આ દંડ પાછો ખેંચી લેવામાં આવશે. પીસીબીએ પહેલા પણ ખેલાડીઓ સામે કડક કાર્યવાહી કરી છે, પરંતુ દરેક વખતે કારણો શિસ્તભંગના હતા. સૂત્રના જણાવ્યા અનુસાર, ખેલાડીઓના પ્રદર્શનથી માત્ર PCB જ નહીં પરંતુ સરકારના પ્રભાવશાળી વર્તુળો પણ નિરાશ થયા છે. સામાન્ય લાગણી એવી છે કે હવે બહુ થયું. આટલા બધા સમર્થન છતાં, ખેલાડીઓ મોટી ટુર્નામેન્ટમાં દેશને નિરાશ કરી રહ્યા છે એવું તેમણે કહ્યું. ટીમના ખેલાડીઓ પણ નાના જૂથોમાં શ્રીલંકાથી શાંતિથી ઘરે પાછા ફર્યા. કેપ્ટન સલમાન અલી આગા અને સ્ટાર બેટ્સમેન બાબર આઝમ સહિત કેટલાક ખેલાડીઓ સોમવારે રાત્રે લાહોર પહોંચ્યા. સેન્ટ્રલ કોન્ટ્રાક્ટ ધરાવતા ખેલાડીઓને મેચ ફી, જીત બોનસ અને બોર્ડના ટીમ સ્પોન્સરશિપ ડીલમાં હિસ્સો ઉપરાંત માસિક રિટેનર મળે છે.

દક્ષિણ આફ્રિકા ફોર્મમાં પણ ન્યૂઝીલેન્ડ અપસેટ કરી શકે તેમ છે

દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ બંનેએ શાનદાર રમતનું પ્રદર્શન કર્યું છે અને તેઓ સંભવિત ફાઇનાલિસ્ટ ગણાય છે પણ ન્યૂઝીલેન્ડ ગમે ત્યારે બાજી ફેરવી શકે છે

વર્લ્ડકપ સ્પેશિયલ
- સુનિલ ગવાસ્કર

દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડે સુપર એઇટ તબક્કાના તેમના ગ્રુપમાં તમામ મેચો જીતીને સેમી ફાઈનલમાં પ્રવેશ કરી લીધો છે. બંને ટીમોએ શાનદાર ક્રિકેટ રમી છે અને તેઓ સંભવિત ફાઇનલિસ્ટ દેખાઈ રહ્યા છે. જોકે, T20 ફોર્મેટ ગમે ત્યારે પલટાઈ શકે છે અને ન્યુઝીલેન્ડ આશા રાખશે કે તેમને એવી એક-બે ઓવર મળે જે રમતને તેમની તરફેણમાં ફેરવી દે. સેમી ફાઈનલમાં પ્રવેશ માટે ન્યુઝીલેન્ડ શ્રીલંકાનો આભાર માનશે, કારણ કે શ્રીલંકાના જોરદાર જવાબને કારણે પાકિસ્તાનનો નેટ રન-રેટ કિવિઝ (ન્યુઝીલેન્ડ) કરતા ઓછો રહ્યો, ભલે સાહિબઝાદા ફરહાનની તોફાની સદીએ તેની ટીમને 200 રનથી પાર પહોંચાડી હતી.

કોઈપણ ફોર્મેટમાં ટીમનું નેતૃત્વ કરવું સરળ નથી હોતું, પરંતુ આ અતિ ટૂંકા ફોર્મેટમાં તે વધુ કપરું છે કારણ કે મેચ માત્ર એક ઓવરમાં બદલાઈ શકે છે. ઈંગ્લેન્ડ સામેની મેચમાં મિચેલ સેન્ટનરે 18મી ઓવર ફેંકવા માટે ગ્લેન ફિલિપ્સને બોલાવ્યો હતો. ફિલિપ્સે તેની પહેલી જ ઓવરમાં ઈંગ્લેન્ડના કેપ્ટનને આઉટ કર્યો હતો, તેથી કેપ્ટનનો તેના પરનો વિશ્વાસ સમજી શકાય તેવો હતો, પરંતુ તે મુખ્ય બોલર નથી. તે 18મી ઓવરમાં જે 22 રન આવ્યા, તેણે મેચને ઈંગ્લેન્ડની તરફેણમાં ફેરવી દીધી.

તેવી જ રીતે, ફોર્મમાં રહેલા ડેરીલ મિચેલને બેટિંગ ક્રમમાં ઉપર ન મોકલવાની અનિચ્છા ન્યુઝીલેન્ડને કિંમતી રનોનું નુકસાન કરાવી રહી છે. મિચેલ ભારત સામેની વન-ડે સીરિઝમાં શાનદાર ફોર્મમાં હતો અને તેના નામે બે શાનદાર સદીઓ હતી, પરંતુ ત્યારબાદ T20 સીરિઝમાં અને હવે વર્લ્ડકપમાં તેને નીચેના ક્રમે મોકલવામાં આવતા તેણે પોતાની રિધમ ગુમાવી હોય તેમ લાગે છે. તે હવે એવા શોટ્સ રમી શકતો નથી જેણે વન-ડે સીરિઝમાં ભારતને મુશ્કેલીમાં મૂક્યું હતું.

બીજી તરફ, હેરી બ્રુક બેટિંગ ક્રમમાં ત્રીજા નંબરે બઢતી મળ્યા બાદ સતત મજબૂત થઈ રહ્યો છે, એટલી હદે કે હવે તેને ઓપનિંગમાં ઉતારવા અંગે પણ વિચારાઈ રહ્યું છે. યાદ રહે કે તે પાકિસ્તાન સામેની મેચમાં રમતનો બીજો જ બોલ રમવા આવ્યો હતો જે ઓપનિંગ કરવા બરાબર જ છે. તેણે યાદગાર સદી ફટકારી અને મેચ પાકિસ્તાન પાસેથી છીનવી લીધી. વિલ જેક્સ એવો ખેલાડી છે જેની માટે આ ટુર્નામેન્ટ સપના સમાન રહી છે. બેટ અને બોલ બંને વડે તે પ્રભાવ પાડી રહ્યો છે અને તેના જેવો ખેલાડી સાતમા નંબરે બેટિંગ કરે તે ઈંગ્લેન્ડ માટે મોટો ફાયદો છે. દક્ષિણ આફ્રિકા આશા રાખશે કે તેમનો કેપ્ટન અને ક્વિન્ટન ડી કોક તેમને સારી શરૂઆત અપાવે, જેઓ હજુ ટુર્નામેન્ટમાં ખાસ ચમક્યા નથી. બ્રેવિસ અને સ્ટબ્સ પણ હજુ સુધી કોઈ મોટી ઇનિંગ રમી શક્યા નથી. લુંગી એનગિડી તેની ધીમી ગતિના બોલ વડે સર્વશ્રેષ્ઠ બોલર રહ્યો છે અને જો રબાડા તેની લય પકડી લે, તો કોર્બીન બોશના ઓલરાઉન્ડ કૌશલ્ય સાથે દક્ષિણ આફ્રિકા પાસે ઘાતક નવો બોલિંગ આક્રમણ હશે. ફોર્મમાં રહેલું દક્ષિણ આફ્રિકા આગળ વધવું જોઈએ, પરંતુ ન્યુઝીલેન્ડ, જે ટીમ હંમેશા ચુપચાપ રમે છે, તે ફરી એકવાર આશ્ચર્યજનક અપસેટ કરી શકે છે.

સિંધુ ઓલ ઈંગ્લેન્ડ ચેમ્પિયનશિપ ગુમાવે તેવી શક્યતા, લક્ષ્ય પર નજર

ઉન્નતી હુડા સહિતના કેટલાક ખેલાડી સિંગાપોર અને આફ્રિકાથી વૈકલ્પિક માર્ગ દ્વારા બર્મિંઘમ પહોંચ્યા

આજથી ટૂર્નામેન્ટ શરૂ થશે, થકવી નાંખનારી મુસાફરી કર્યા પછી ભારતીય ખેલાડીઓની તૈયારી પર અસર

બર્મિંઘમ, તા. 02 (પીટીઆઈ) : બે વખતની ઓલિમ્પિક્સ મેડલિસ્ટ પીવી સિંધુ ઈરાન પર અમેરિકાના હુમલાને કારણે ગલ્ફ ક્ષેત્રમાં હવાઈ ક્ષેત્ર બંધ થવાને કારણે દુબઈમાં અટવાઈ ગઈ હોવાથી આવતીકાલે મંગળવારથી અહીં શરૂ થઈ રહેલી ઓલ ઈંગ્લેન્ડ બેડમિન્ટન ચેમ્પિયનશિપ ગુમાવશે. ખેલાડીઓ માટે મુસાફરી પ્રતિબંધોએ સુપર 1000 ઈવેન્ટ માટેની તેની તૈયારીઓ પર ગંભીર અસર કરી છે.

ઈરાન પર અમેરિકા અને ઈઝરાયલી હુમલાઓ અને ત્યારબાદ ઈરાની બદલો લેવાને કારણે ફ્લાઈટ્સ રદ કરવામાં આવી હોવાથી સિંધુ શનિવારથી દુબઈમાં ફસાયેલી છે. ભારતીય સ્ટાર ખેલાડીનો મુકાબલો પહેલા રાઉન્ડમાં થાઈલેન્ડની સુપાનિદા કાટેથોંગ સામે થવાનો હતો, પરંતુ દુબઈના હવાઈ ક્ષેત્ર અને એરપોર્ટ બંધ થવાને કારણે તેને ટુર્નામેન્ટમાંથી ખસી જવું પડશે. બેડમિન્ટન વર્લ્ડ ફેડરેશન (BWF) પણ પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે અને મોડા પહોંચનારા ખેલાડીઓને મદદ કરવા તૈયાર છે. સિંધુની ટુર્નામેન્ટમાં ભાગીદારી હજુ અનિશ્ચિત છે, પરંતુ કેટલાક અન્ય ભારતીય ખેલાડીઓ સિંગાપોર અને આફ્રિકાથી વૈકલ્પિક માર્ગો દ્વારા બર્મિંઘમ પહોંચ્યા છે.

ભારતના ટોચના પુરુષ સિંગલ્સ ખેલાડી લક્ષ્ય સેન અને ઉભરતા યુવા ખેલાડી આયુષ શેટ્ટી કોઈપણ મુસાફરી સમસ્યા વિના અહીં પહોંચ્યા. લક્ષ્યનો મુકાબલો પ્રથમ રાઉન્ડમાં વિશ્વના નંબર વન ચીનના શી યુ ચી સામે થશે, જ્યારે આયુષનો મુકાબલો ઈન્ડોનેશિયાના અલ્વી ફરહાન સામે થશે. ઉન્નતિ હુડા આફ્રિકા થઈને અહીં આવી હતી અને જ્યારે તેણી તેની પહેલી મેચમાં આઠમી ક્રમાંકિત થાઈલેન્ડની પોર્નપાવી ચોચુવોંગ સામે ટકરાશે ત્યારે તેને જેટ લેગમાંથી બહાર નીકળવું પડશે.

પુરુષોની ડબલ્સમાં, સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની જોડી પ્રથમ રાઉન્ડમાં મલેશિયાના કાંગ ખાઈ જિંગ અને એરોન તાઈ સામે રમશે.

બ્લુ ગોડ એન્ટરટેઈનમેન્ટે રૂ. 49 કરોડમાં LLC હસ્તગત કરી

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઈ) : બ્લુ ગોડ એન્ટરટેઈનમેન્ટ લિમિટેડે લિજેન્ડ્સ લીગ ક્રિકેટ (એલએલસી) ને 49 કરોડ રૂપિયામાં હસ્તગત કરી છે, એમ એબ્સોલ્યુટ લિજેન્ડ્સ સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડે સોમવારે જણાવ્યું હતું. આ સાથે, તે લિસ્ટેડ ભારતીય કંપની દ્વારા રજૂ થનારી પ્રથમ ક્રિકેટ લીગ બની ગઈ છે. આ સોદાને રમતગમત, મનોરંજન અને મૂડી બજારોના એકીકરણમાં લીગ માટે એક મહત્વપૂર્ણ પગલું તરીકે જોવામાં આવે છે. એબ્સોલ્યુટ લિજેન્ડ્સ સ્પોર્ટ્સ પ્રાઈવેટ લિમિટેડના ચેરમેન વિવેક ખુશલાનીએ જણાવ્યું હતું કે, લેજેન્ડ્સ લીગ ક્રિકેટને મજબૂત વ્યાપારી પાયા અને સતત વધતા ચાહકોની ભાગીદારી સાથે વૈશ્વિક સ્તરે સ્કેલેબલ સ્પોર્ટ્સ પ્રોપર્ટી તરીકે બનાવવામાં આવ્યું છે. આ ભાગીદારી તેના વિકાસના આગલા તબક્કાનું પ્રતિનિધિત્વ કરે છે, જે સંસ્થાકીય મૂડી, લાંબા ગાળાના વિકાસ પર સ્પષ્ટતા અને લીગ માટે વૈશ્વિક વિસ્તરણની તકોમાં વધારો કરે છે. આ કરાર હેઠળ, બ્લુ ગોડ એન્ટરટેઈનમેન્ટ લાંબા ગાળાના વ્યાપારી અધિકારો જાળવી રાખશે, જેમાં મીડિયા, સ્પોન્સરશિપ, ફ્રેન્ચાઈઝી વિકાસ અને વૈશ્વિક સામગ્રી વિતરણનો સમાવેશ થાય છે. આ સંપાદન કંપનીને ઝડપથી ઉભરતા રમતગમત અને મનોરંજન પ્લેટફોર્મ તરીકે તેની સ્થિતિને વધુ મજબૂત બનાવવામાં મદદ કરશે. લિજેન્ડ્સ લીગ ક્રિકેટના સહ-સ્થાપક રમણ રહેજાએ આને વૈશ્વિક રમતગમત વ્યવસાય માટે એક મહત્વપૂર્ણ ક્ષણ ગણાવી. જાહેર બજારમાં એક મોટી ક્રિકેટ સંપત્તિ લાવીને, અમે રમતગમતની બૌદ્ધિક સંપત્તિનું મૂલ્ય, મુદ્રીકરણ અને સ્કેલિંગ કેવી રીતે થાય છે તે માટે એક નવું માળખું બનાવી રહ્યા છીએ એવું તેમણે કહ્યું.

અફઘાનિસ્તાન જૂનમાં ભારત પ્રવાસમાં એક ટેસ્ટ અને ત્રણ વનડે રમશે

એકમાત્ર ટેસ્ટ ભારતની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાયકલનો ભાગ નથી

અફઘાનિસ્તાનના ભારત પ્રવાસનો કાર્યક્રમ

મેચ	તારીખ	સ્થળ	સમય
એકમાત્ર ટેસ્ટ	6થી 10 જૂન	મુલ્લાનપુર	સવારે 9.00 વાગ્યાથી
પ્રથમ વન ડે	14 જૂન	ધર્મશાળા	બપોરે 1.30 વાગ્યાથી
બીજી વન ડે	17 જૂન	લખનૌ	બપોરે 1.30 વાગ્યાથી
ત્રીજી વન ડે	20 જૂન	ચેન્નાઇ	બપોરે 1.30 વાગ્યાથી

નવી દિલ્હી, તા. 02 (પીટીઆઈ) : અફઘાનિસ્તાનની ટીમ જૂન મહિનામાં તેના આગામી ભારતના પ્રવાસ દરમિયાન એક ટેસ્ટ મેચ અને ત્રણ વનડે મેચ રમશે, એમ ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ (બીસીસીઆઈ) એ સોમવારે જણાવ્યું હતું.

બીસીસીઆઇ સચિવ દેવજીત સૈકિયાએ એક રિલીઝમાં જણાવ્યું હતું કે અફઘાનિસ્તાન એક ટેસ્ટ મેચ રમશે અને ત્યારબાદ ત્રણ મેચની વન ડે સીરિઝ રમશે. આ ટેસ્ટ મેચ 6 થી 10 જૂન, 2026 દરમિયાન નવા ચંદીગઢમાં રમાશે.

જોકે, આ ટેસ્ટ મેચ ભારતની વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ સાયકલનો ભાગ નથી. એવું માનવામાં આવે છે કે ભારત 2027ના વન ડે વર્લ્ડકપને ધ્યાનમાં રાખીને આ ફોર્મેટ પર ધ્યાન કેન્દ્રિત કરવા માંગે છે અને તેથી તેણે ત્રણ વન ડે મેચનું આયોજન કર્યું છે. વન ડે સીરિઝની પહેલી મેચ 14 જૂને ધર્મશાલામાં શરૂ થશે, ત્યારબાદની મેચો લખનૌમાં 17 જૂન અને ચેન્નાઈમાં 20 જૂને રમાશે. બધી વન ડે મેચો ભારતીય સમયાનુસાર બપોરે 1.30 વાગ્યે શરૂ થશે.

લિયોનેલ મેસીના બે ગોલથી ઈન્ટર મિયામીએ ઓર્લાન્ડો સીટીને હરાવ્યું

પ્રથમ હાફમાં બે ગોલથી પાછળ રહેલા ઇન્ટર મિયામીને મેસીએ બે તેમજ સિલ્વેટ્ટી અને સેગોવિયાએ એક-એક ગોલ કરી જીતાડ્યું

ઓર્લાન્ડો, તા. 02 (એપી) : MLS સોકર ટુર્નામેન્ટમાં ઇન્ટર એન્ડ કંપની સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં લિયોનેલ મેસીએ બીજા હાફમાં કરેલા બે ગોલ, જ્યારે ડિફેન્ડર ટેલાસ્કો સેગોવિયાએ એક ગોલ કરીને બેમાં સહાયકની ભૂમિકા ભજવતા ડિફેન્ડિંગ ચેમ્પિયન ઇન્ટર મિયામીએ ઓર્લાન્ડો સિટીને 4-2થી હરાવીને તેમની પ્રથમ જીત મેળવી.

પ્રથમ હાફમાં બે ગોલથી પાછળ રહ્યા બાદ, મિયામી માટે બીજા હાફની ચોથી મિનિટે માટ્ટેઓ સિલ્વેટ્ટીએ પહેલો ગોલ કર્યો.

મેસીએ સેગોવિયા તરફથી પાસ મેળવ્યા બાદ 57મી મિનિટે પોતાનો પહેલો ગોલ કરીને ઇન્ટર મિયામીને 2-2થી બરાબરી પર મૂક્યું હતું. સેગોવિયાએ 85મી મિનિટે મિયામીને સરસાઇ અપાવી. મેસ્સીએ 90મી મિનિટે ફ્રી કિક વડે મિયામીની જીત પર મહોર મારી, જેનાથી એમએલએસમાં તેના ગોલની સંખ્યા 52 થઈ ગઈ. આ પહેલા મેચની 18મી મિનિટે ઇવાન એંગુલોના પાસ પર માર્કો પાસાલિકે ગોલ કરીને ઓર્લાન્ડો સિટીને 1-0ની સરસાઇ અપાવી. છ મિનિટ પછી, માર્ટિન ઓજેડાએ ગોલ કરીને ઓર્લાન્ડો સિટીની સરસાઇ 2-0 કરી દીધી હતી, જે તેમણે હાફટાઇમ સુધી જાળવી રાખી.

અનુસંધાન ... પાના પહેલાનું

ટ્રમ્પની ઈરાનને ખુલ્લી...

પાગલ લોકો શાસન કરી રહ્યા છે અને અમે તેમને પરમાણુ હથિયાર રાખવા દઈ શકીએ નહીં." તેમણે ભારપૂર્વક કહ્યું કે દેશની સુરક્ષા માટે તેઓ કોઈ પણ કઠોર નિર્ણય લેવા તૈયાર છે, ભલે તેની ગમે તે રાજકીય કિંમત ચૂકવવી પડે.

હોર્મુઝની ખાડીમાં...

ગયો છે કે કેપ્ટનો આધુનિક સિસ્ટમ છોડીને જૂની પદ્ધતિથી (હાથથી રડાર ચલાવીને) જહાજ હંકારી રહ્યા છે. આ ઘટના દર્શાવે છે કે કેવી રીતે આધુનિક યુદ્ધમાં માત્ર મિસાઈલો જ નહીં, પણ અદ્રશ્ય રેડિયો તરંગો દ્વારા પણ વૈશ્વિક અર્થતંત્રને બંધક બનાવી શકાય છે.

ચાંદી 3 લાખને...

આંતરરાષ્ટ્રીય બજારમાં, સ્પોટ ગોલ્ડ 116.38 ડોલર અથવા 2.21 ટકા વધીને 5,394.28 ડોલર પ્રતિ ઔંસ પર પહોંચ્યું હતું, જ્યારે ચાંદી 1.43 ટકા વધીને 95.19 ડોલર પ્રતિ ઔંસ પર ટ્રેડ થઈ રહી હતી. HDFC સિક્યોરિટીઝના સિનિયર એનાલિસ્ટ સૌમિલ ગાંધીએ નોંધ્યું હતું કે મધ્ય પૂર્વના તણાવે સુરક્ષિત રોકાણની માંગમાં મોટો વધારો કર્યો છે, જેનાથી સોનું બે મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચ્યું છે.

ક્રૂડના ભાવમાં...

આ માર્ગ પર આવતા જહાજોને ધમકી આપી રહ્યું છે અને માનવામાં આવે છે કે તેણે અનેક હુમલાઓ કર્યા છે. સાઉદી સત્તાવાળાઓએ અહેવાલ આપ્યો છે કે તેઓએ દમમ નજીક રાસ તનુરા ઓઈલ રિફાઈનરી પર હુમલો કરતા ઈરાની ડ્રોનને અધવચ્ચે જ રોકી લીધા હતા અને સાવચેતીના ભાગરૂપે રિફાઈનરી બંધ કરી દેવામાં આવી હતી, તેમ સાઉદી સ્ટેટ ટેલિવિઝને જણાવ્યું હતું. બજારનું ધ્યાન હવે એ વાત પર છે કે શું આ સંઘર્ષ પ્રદેશના અન્ય તેલ ઉત્પાદક દેશોમાં પણ ફેલાશે.

તેલ અને ગેસના...

હુમલાઓ ઈરાન દ્વારા કરવામાં આવેલું મોટું જોખમ છે, જે સાઉદી અરેબિયાને અમેરિકા અને ઈઝરાયેલના સૈન્ય અભિયાનમાં સીધું સામેલ થવા મજબૂર કરી શકે છે. ડૉનાલ્ડ ટ્રમ્પના શસ્ત્રો નીચે મૂકવાના અલ્ટીમેટમને ફગાવીને ઈરાને ઈઝરાયેલ અને પડોશી દેશો પર હુમલા ચાલુ રાખ્યા છે.

સાઉદી અરેબિયા: વશ્વિની વિશાળ રાસ તનુરા રિફાઈનરી (દૈનિક 5.50 લાખ બેરલ ક્ષમતા) પર બે મિસાઈલ છોડવામાં આવી હતી. જોકે સાઉદી સુરક્ષા દળોએ તેને તોડી પાડી છે, પણ સુરક્ષાના કારણોસર ઉત્પાદન અટકાવી દેવાયું છે.

કતાર: રાસ લાફાન અને મેસાઈદ પર હુમલા બાદ કતારે LNG (ગેસ) નું ઉત્પાદન બંધ કર્યું છે અને ઈરાન સાથેના તમામ રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા છે.

છતાં ભારતમાં...

જણાવ્યા અનુસાર ભારતમાં પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં નજીકના ભવિષ્યમાં વધારો થવાની શક્યતા નથી. વૈશ્વિક બેન્ચમાર્ક ગણાતું બ્રેન્ટ ક્રૂડ વધીને પ્રતિ બેરલ ૮૦ ડોલરની નજીક પહોંચ્યું છે, જ્યારે અમેરિકામાં વેચાતું ક્રૂડ ૮.૬ ટકા વધીને ૭૨.૭૯ ડોલર પર પહોંચ્યું છે, જે શુક્રવારે આશરે ૬૭ ડોલરની આસપાસ હતું. ભારત માટે, જે તેની ક્રૂડ ઓઈલની જરૂરિયાતનું ૮૮ ટકા આયાત કરે છે અને જેને રિફાઈનરીઓમાં પેટ્રોલ અને ડીઝલ જેવા ઈંધણમાં ફેરવવામાં આવે છે, ત્યાં વૈશ્વિક ભાવમાં વધારો થવો એટલે આયાત બિલમાં વધારો અને મોંઘવારીનું સંભવિત દબાણ. જો કે, છૂટક ઈંધણના ભાવમાં તાત્કાલિક વધારો થવાની અપેક્ષા નથી, કારણ કે સરકાર એક ગણતરીપૂર્વકની નીતિને અનુસરી રહી છે. આ નીતિ હેઠળ જ્યારે આંતરરાષ્ટ્રીય ભાવ નીચા હોય ત્યારે તેલ કંપનીઓને માર્જિન (નફો) બનાવવા દેવામાં આવે છે અને જ્યારે દર વધે ત્યારે ગ્રાહકોને રક્ષણ આપવામાં આવે છે. છૂટક પેટ્રોલ અને ડીઝલના ભાવ એપ્રિલ ૨૦૨૨થી સ્થિર છે, જેમાં ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન (IOC), ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL) અને હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (HPCL) જેવી ઓઇલ રિટેલર કંપનીઓ જ્યારે ક્રૂડના ભાવ ઊંચા હોય ત્યારે નુકસાન વેઠે છે અને ભાવ નીચા હોય ત્યારે નફો કરે છે. પશ્ચિમ બંગાળ, તમિલનાડુ અને આસામ જેવા મહત્વના રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ નજીક હોવાથી, સરકાર એવું કંઈ કરવા નથી માંગતી જેનાથી વિપક્ષને કોઈ મુદ્દો મળી જાય.મધ્ય પૂર્વમાં સૈન્ય સંઘર્ષ વધતા, તેલ મંત્રી હરદીપ સિંહ પુરીએ સોમવારે તેમના મંત્રાલય અને જાહેર ક્ષેત્રની કંપનીઓના વરિષ્ઠ અધિકારીઓ સાથે ક્રૂડ ઓઇલ, એલપીજી અને અન્ય પેટ્રોલિયમ ઉત્પાદનોની સ્થિતિની સમીક્ષા કરી હતી.

દિલ્હી ડાયરી...

કારણ કે, ભાજપ અને જનતા દળ (એસ) વચ્ચેની દુશ્મની વારંવાર ખુલ્લેઆમ સામે આવી રહી છે. બંને પક્ષોનું ટોચનું નેતૃત્વ તેમના સમર્થકોને કાબૂમાં રાખવા માટે મથામણ કરી રહ્યું છે. આ ખુલ્લી દુશ્મનીનું તાજેતરનું ઉદાહરણ દક્ષિણ કર્ણાટકમાંથી સામે આવ્યું છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યદિયુરપ્પાના એ નિવેદનથી કે, "ભાજપ રાજ્યમાં પોતાના દમ પર સત્તામાં આવશે." તેના કારણે આ તિરાડ સામે આવી છે. આ નિવેદને જનતા દળ (એસ)ના નેતાઓને, જેમાં એચ.ડી. દેવેગૌડા પરિવારનો પણ સમાવેશ થાય છે, તેમને હચમચાવી દીધા છે. જ્યારથી યદિયુરપ્પાએ આ ટિપ્પણી કરી છે ત્યારથી તેમની પાર્ટીના કેટલાક નેતાઓ તેને દબાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેઓ આ નિવેદનને આગામી વિધાનસભા ચૂંટણીની તૈયારીમાં કાર્યકરોને સખત મહેનત કરવા માટે ઉશ્કેરવાની રણનીતિ ગણાવી રહ્યા છે. જેડી(એસ) નેતૃત્વ, જે કર્ણાટકના નેતાઓ કરતાં ભાજપના રાષ્ટ્રીય નેતાઓ (મુખ્યત્વે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહ) સાથે વાતચીત કરવાનું વધુ પસંદ કરે છે, તેણે દેખીતી રીતે જ આ મુદ્દો રાષ્ટ્રીય રાજધાનીમાં ઉઠાવ્યો છે.

રાષ્ટ્રપતિ